# “કૃષિ ઈજનેરીના વોકેશનલ કોર્ષના પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ-૨૦૧૬”

કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આ.કૃ.યુ, ગોધરા ખાતે વર્ષ ૨૦૧૨ થી વોકેશનલ કોર્ષ ઓન કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી સુચારુ રીતે ચાલી રહ્યો છે. તારીખ ૦૪/૧૦/૨૦૧૬ ને મંગળવાર ના દિવસે, આ કોર્ષ અંતર્ગત વર્ષ ૨૦૧૬ (ચોથી બેચ) માં સફળતા પૂર્વક ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના શુરૂવાતમાં ડૉ. આર. સ્વર્ણકાર, વિભાગીય વડા, એફ એમ પી ઈ વિભાગ, દ્વારા , વોકેશનલ કોર્ષની પ્રગતિ વિશે જાણકારી આપી અને સભાખંડમાં ઉપસ્થિત ડૉ.આર.સુબૈયાહ આચાર્યશ્રી, કૃ.ઈ.ટે.કો, ગોધરા, ડૉ. એમ. એમ ત્રિવેદી, કૃ. ઈ. પોલિટેકનિક કોલેજ, દાહોદ તેમજ કોલેજના વિભાગીય વડાશ્રીઓ, સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીમિત્રોને આવકાર્યા હતા ,

આ કાર્યક્રમના પ્રાસંગિક ઉદબોધનમાં ડૉ.આર.સુબૈયાહ સાહેબશ્રીએ વિદ્યાર્થીઓને વોકેશનલ કોર્ષના ફાયદાઓ અને ગ્રામીણ યુવાનો માટે આ કોર્ષનું કેટલું મહત્વ છે, તે સરળ ભાષામાં સમજાવ્યું. વર્ષ ૨૦૧૬ માં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. ડૉ. એમ. એમ ત્રિવેદી સાહેબશ્રીએ વિદ્યાર્થીઓને ઉત્સાહ પૂર્વક આ કોર્ષમાં જોડાવવા બદલ તથા તેને સફળતા પૂર્વક પૂર્ણ કરવા બદલ ખૂબ અભિનંદન પાઠવ્યા.

શ્રી હાર્દિક શર્મા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કાર્યક્રમના સૂત્ર સંચાલન કરવામાં આવ્યું તથા ડૉ. એમ. કે. તિવારી, મદદનીશ પ્રાધ્યાપક અને ઈન્ચાર્જ, મોડ્યુલ-૨ દ્વારા સર્વ મહાનુભાવોનો અને વિધ્યાર્થીઓના કોલેજ વતી આભાર માનવામાં આવ્યો. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે શ્રી આર.સી. સાળુંખે, મદદનીશ પ્રાધ્યાપક તથા ઇન્ચાર્જ, મોડ્યુલ-૧, શ્રી સૂર્યવંશી સૂર્યપ્રકાશ, એસ. આર. એ. અને શ્રી નીરવ એમ. સોલંકી, ફોરમેન ઇન્સ્ટ્રક્ટર, કૃ.ઈ.ટે.કો, ગોધરા દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યા.









